# IITGnમાં અમલ્થિઆ ટેકફેસ્ટ, ૪ નવેમ્બરે યોજાશે

અમદાવાદ : આઈ.આઈ.ટી. ગાંધીનગર ખાતે ટૂંક સમયમાં એન્યુઅલ ટેક્નિકલ સમિટનું અમલ્થિઆ ૨૦૧૭નું આયોજન કરવામાં આવશે. જેમાં શૈક્ષણિક અને ઈન્ડસ્ટ્રી સાથે ઈન્ટ્રક્શન કરવાની સાથે માર્ગદર્શન પણ આપશે. અમલ્થિઆ આ વર્ષે ૪-૫મી નવેમ્બરના રોજ ક્ન્સેપ્ટ ટુ ક્રિએશનની થીમ પર યોજાશે. જે ઈનોવેટિવ વિચારોને ડેવલપ કરવાની સાથે તેને વર્લ્ડ લેવલનું પ્લેટફોર્મ પુરૂં પાડવાની ક્વાયત હાથ ધરાશે. જેમાં સ્પીકર તરીકે એ.પી.હોટા( NCPIના ફોર્મર સી.ઈ.ઓ. અને એમ.ડી) જેમણે ભીમ એપ બનવવામાં આગેવાની લીધી હતી. તેમજ નરેન્દ્ર ચીરમુલે (વાઈસ પ્રેસિડન્ટ એન્ડ હેડ ઓફ આર.એન્ડ ડી. બાયોકોન) જેમણે ડ્રગ ડેવલપમેન્ટ અને ઈમ્યુનોલોજી રિસર્ચ કર્યું હતું. અમલ્થિઆ ટેકફેસ્ટમાં હાજર રહેનાર અને એક્સ્પર્ટ સ્ટુડન્ટ્સને વાઈડ રેન્જ ઓફ એક્સપિરિયન્સની સમજણ આપશે. તેમજ વિવિધ પ્રોડક્ટની વેરાઈટી રજૂ કરવામાં આવશે. અત્રે નોંધનીય છે કે અમલ્થિઆએ વિવિધ ફિલ્ડના એક્સ્પર્ટ તેમજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ડૉ. આર. ચીદમ્બરમ સહિતના મહાનુભાવોને રજૂ કરી ચૂકેલ છે.

**Title: Amatthea tech fest in IITgn from Nov 4**
**Source: Sandesh**
**Date: 13/10/2017**